

શ્રીજીની હવેલી ખાતે જન્માષ્ટમી નિમિત્તે રંગપૂરણી સ્પર્ધા યોજાઈ

# પાછોતરો વરસાદ ખેંચાતા ચિલોડા પંથકના ખેડૂતો ચિંતાતુર



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા.૭

ગાંધીનગર જિલ્લામાં શ્રાવણ માસ સાવ કોરોધાકોર જતાં ખેતી પાકો સામે ખતરો સર્જાઈ રહ્યો છે. છેલ્લે જુલાઈ અને ઓગષ્ટ માસના પ્રારભમાં ભારે વરસાદે ખેતીને નુકશાન કર્યું હતું. હાલ તો ખેડૂતોએ જાત પિયત દ્વારા પાકને બચાવવા પ્રયાસો હાથ ધર્યા છે.

લગભગ એક માસનો સમય વીતવા છતાં વરસાદના કોઈ જ ચિહ્નો ના જણાતા અસહ્ય ગરમીથી પાકો મુરઝાવા લાગ્યા છે. ખેડૂતોને હજુ પણ ભાદરવામાં વરસાદ થશે તેવી આશા છે પરંતુ કપાસ અને મગફળીના પાકોમાં વરસાદ વિના રોગચાળો દેખાતા 'પડયાં પર પાટુ' જેવી સ્થિતિ સર્જાઈ છે. મોંઘુદાટ બિયારણ ખરીદ્યા બાદ હવે પાકને બચાવવા ખેડૂતોને દવાનો ખર્ચ પણ કરવો પડી રહ્યો છે. મેઘરાજાના રીસામણાંને કારણે ખતી માટે વર્ષ સામાન્ય રહેતા ખેતી પર નિર્ભર ખેડૂતોમાં હતાશા વ્યાપી રહી છે.

## @ગાંધીનગર

● જયશ્રી રામ સુંદરકાંડ પરીવાર દ્વારા અશ્વિનભાઈ પાઠકની વ્યાસ પીઠે ડભોડા હનુમાન મંદિર ખાતે સુંદરકાંડ પાઠ સાંજે ૮.૩૦ કલાકે યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા રૂદ્રપૂજાનો કાર્યક્રમ કરશનભાઈ પટેલના નિવાસસ્થાન ૭, વિનાયક પાર્ક સોસાયટી, દહેગામ ખાતે સાંજે ૬.૦૦ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્રોત પાઠ આશિષભાઈ વ્યાસના નિવાસસ્થાન બીજો માળ અભિલાષા એપાર્ટમેન્ટ, સે. ૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શિવ મહિમ્ન પાઠ અને સ્તુતીવંદના ફાલ્ગુનભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬, વિરાટનગર, સે. ૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ આનંદભાઈ ઓઝાના નિવાસસ્થાન ૪, નિલકંઠ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૫૭૭/૨ સે. ૩૦ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● બાજખેડાવાળ જ્ઞાતિજનો દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તિ શિવ મહિમ્ન સ્રોત અને વિષ્ણુ સહસ્રના પાઠનો કાર્યક્રમ બાલાજી મંદિર, સે. ૧૬ ખાતે રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ દરમિયાન યોજાશે. શ્રીમતી નયનાબેન સુરેન્દ્રભાઈ ભટ્ટ તરફથી પ્રસાદ સૌજન્ય થશે.

● સે. ૩-સી માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો જનકબા બળવંતસિંહ વાઘેલાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૭૩/૧, સે. ૪ ખાતે બપોરે ૨ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## પેથાપુરનાં મંદિરોમાં જન્માષ્ટમી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૭

જન્માષ્ટમી પર્વની ઉજવણી પેથાપુરના રામજી મંદિર (બજાર, ખાળ ચોક)રાધેશ્યામ મંદિર, સ્વામીનારાયણ મંદિર, હનુમાનજી મંદિર (ઢાળ), અચલેશ્વર મહાદેવ (બજાર), રામદેવ પીર મંદિર (બસ સ્ટેન્ડ) દ્વારા ધામધૂમથી કરવામાં આવી હતી.

## સેક્ટર-૧૦ કૃષિભવન પાસેથી મહિલાના દોરાની તફડંચી

## બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સે વધુ એક મહિલાનો સોનાનો દોરો લુંટ્યો

ગાંધીનગર, તા. ૭

શહેરના સેક્ટર-૧૦ કૃષિભવન પાસે એસબીઆઈ બેંકનું કામ પતાવીને અમદાવાદની મહિલા આજે બપોરે બહાર નીકળી ત્યાં જ બ્લેક બાઈક પર આવેલા બે અજાણ્યા ચેઈન સ્નેચર્સે તેણીના ગળામાં હાથ મારીને સોનાનો દોરો લુંટી પળવારમાં ફરાર થઈ ગયા હતા. મહિલાની ફરિયાદને આધારે સે. ૭ પોલીસે લુંટનો ગુનો દાખલ કરી બે અજાણ્યા ચેઈનસ્નેચર્સને પકડી પાડવા તજવીજ શરૂ કરી છે.

અમદાવાદ સીટીએમ વિસ્તારમાં સ્થિત પવિત્રકુંજ સોસાયટીમાં રહેતા વસંતબેન અરવિંદભાઈ પટેલ આજે બપોરે ગાંધીનગર આવ્યા હતા. બપોરે કૃષિભવન સે. ૧૦ પાસે સ્થિત એસબીઆઈ બ્રાન્ચમાં પહોંચી પાસબુકમાં એન્ટ્રી કરાવ્યા બાદ બહાર નિકળ્યા ત્યારે વસંતબેનને ટાર્ગેટ બનાવી બ્લેક કલરના બાઈક પર આવેલા બે શખ્સોએ વસંતબેને પહેરેલો સોનાનો ૧૦ ગ્રામ વજનનો અંદાજે ૨૦ હજારની કિંમતનો દોરો તફડાવી લીધો અને વસંતબેન બુમાબુમ કરીને ટોળુ ભેગુ કરે તે પહેલા જ બંને શખ્સો ગાયબ થઈ ગયા હતા. ટોળુ બેગુ થયુ અને પોલીસ આવી ત્યાં સુધીમાં તો બંને શખ્સો ક્યાય રફફુચક્કર થઈ ગયા હતા. વસંતબેનની ફરીયાદ લઈ સે. ૭ પોલીસમથના પીએસઆઈ એમ.પી. ચૌહાણે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગર ખાતે નાયબ વનસંરક્ષક કચેરીનું સ્થળ બદલાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં સેકટર-૨૦ ખાતે વન સંશોધન સંકુલમાં આવેલી નાયબ વન સંરક્ષક, પ્રકાશન અને સંપર્ક વિભાગની કચેરીને બદલીને અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, અરણ્ય ભવન, એ-બ્લોક, ભોંયતળીયે, સેકટર-૧૦ ખાતે કાર્યરત કરવામાં આવી છે.

વધુમાં સરકારી/અર્ધ-સરકારી તથા ખાનગી કચેરીઓએ હવેથી નાયબ વન સંરક્ષક પ્રકાશન અને સંપર્ક વિભાગ, અરણ્ય ભવન, એ-બ્લોક, ભોંયતળીયે, સેકટર-૧૦-એ, ગાંધીનગર સંપર્ક નંબર-કચેરી-૦૭૯- ૨૩૨૫૯૯૧૫, ચેમ્બર-૦૭૯-૨૩૨૫૬૯૨૬ રહેણાંક - ૦૭૯-૨૬૮૮૦૪૦૨, મોબાઈલ - ૮૨૩૮૦૮૪૩૫૦ ખાતેના નવીન સરનામે પત્ર વ્યવહાર કરવાનો રહેશે, તેમ નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# શ્રીજીની હવેલી ખાતે જન્માષ્ટમી નિમિત્તે રંગપૂરણી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય ગાંધીનગર શાખા દ્વારા શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સે-૨૧ ખાતે જન્માષ્ટમી નિમિત્તે બાળકોની રંગપૂર્ણ ચિત્ર હરીફાઈનું આયોજન કરવામાં આવેલ હતું.

આ સ્પર્ધામાં ૮૦ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ગ્રુપ-એ/ ગ્રુપ-બી અને ગ્રુપ-સી રાખવામાં આવેલ હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ તથા ત્રણેય ગ્રુપમાં એક થી ત્રણ ક્રમે આવનાર બાળકોને ગ્રુપ-એમાં ૧-રાજ કોઠારી, ૨-પારવ પરીખ, ૩-હર્ષિલ શાહ, ગ્રુપ-બીમાં ૧- વ્રજ શાહ, ૨-રિયા ગાંધી, ૩-આશી પરીખ, તન્વી ગાંધી ગ્રુપ-સીમાં ૧-ઈશિતા ગુપ્તા અને શ્રી ડી.એફ. શાહ, પ્રમુખ તરફથી ઈનામો આપવામાં આવેલ તથા તમામ બાળકોને ડૉ. અપૂર્વ શાહ, સે-૨૨ તરફથી નાસ્તો આપવામાં આવેલ અને ઉમાકાન્ત ભાવસાર તરફથી પેન્સિલ બોક્ષ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સુશ્રી વૈશાલીબેન રાજન બાબરીયા, બેચલર ઓફ આર્ટસ, બી.એ. (ફાઈન) એમ.એસ. યુનિ. વડોદરા તથા તૃષા વ્યાસ, સે-૧ તરફથી નિર્ણાયક તરીકે સુંદર સેવાઓ આપી હતી. આ કાર્યક્રમને સુંદર રીતે સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ શ્રી ડી.એફ. શાહ, રસિકભાઈ ગાંધી, ચંદ્રકાન્ત અડાલજા, કનુભાઈ શાહ, હર્ષદભાઈ ગાંધી, શ્રી જયેન્દ્રભાઈ પરીખ તથા જિતેન્દ્ર ગાંધીએ જહેમત ઉઠાવેલ. શ્રી ડી.એફ. શાહ તથા શ્રી રસિકભાઈ ગાંધીએ નિર્ણાયકનો તેમજ સહયોગ આપનાર તમામ વૈષ્ણવ ભાઈ બહેનો તથા બાળકોનો આભાર વ્યકત કર્યો હતો.

## વાતવાતમાં

● તહેવારોની રજાઓ બાદ નગરમાં સોમવારથી રાબેતા મુજબ જનજીવન પ્રારંભ થયું હતું.

● પંચદેવ મંદિરે ભરાતા જન્માષ્ટમીના મેળામાં ઉમટેલા માનવ મહેરામણને રોટરી ક્લબ દ્વારા વિના મૂલ્યે પીવાના ચોખ્ખા અને ઠંડા પાણીની સેવા આપવામાં આવી હતી. આશરે ૨૭ હજાર ભાવિકોએ આ સેવાનો લાભ લીધો હતો.

● જિલ્લામાં લગભગ દરેક ગામમાં મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો હતો. મટકી ફોડ દરમ્યાન માનવ પિરામિડ બનાવતા પડી જતા આઠેક ગોવિંદાને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

● ગાંધીનગરના પત્રકાર આલમમાં હાલ વ્યસનમુક્તિના પ્રયાસો ચાલી રહ્યા છે. જે પત્રકારો વ્યસનથી મુક્ત છે તેઓ તમાકુ કે ધુમ્રપાન કરતા પત્રકારોને વ્યસન ત્યજવા પ્રેમભર્યુ દબાણ કરી રહ્યાં છે.

● મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા પદે તાજેતરમાં વરાયેલા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજથી તેમનો કાર્યભાર સંભાળી લીધો હતો.

- સમીર રામી
9924446645

## ગાંધીનગર ખાતે સરકારી ફાર્માસીસ્ટો માટે 'સ્વચ્છતા અભિયાન' અંગે સેમિનાર

ગાંધીનગર, તા.૭

સ્વચ્છતા અભિયાન અંગે જાગૃતિ લાવવા અને વડાપ્રધાનશ્રીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા આગામી તા. ૧૩/૦૯/૨૦૧૫ના રોજ કડી કેમ્પસ, ગાંધીનગર ખાતે આરોગ્ય કમિશનરશ્રીની અધ્યક્ષતામાં સરકારી ફાર્માસીસ્ટો માટે સ્વચ્છતા અભિયાન નિમિતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં ધ ફેડરેશન ઓફ ગવર્મેન્ટ ફાર્માસીસ્ટ, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ખિમજી વિશ્રામ હોલ ખાતે રવિવારે સવારે ૯-૦૦ કલાકે યોજાનાર સેમિનારમાં રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સરકારી હોસ્પિટલો, મેડીકલ કોલેજો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા ક્ષય કેન્દ્રો અને મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે ફરજ બજાવવતા તમામ સંવર્ગના ફાર્માસીસ્ટો ઉપસ્થિત રહેશે.




સોનાની થાળીમાં મેખ - ગાંધીનગરના રાજમાર્ગ પર આકર્ષક અને દિશાસૂચક સાઈન બોર્ડ મૂકાયા છે... પરંતુ વૃક્ષોના સૂકાયેલા ડાળખા લપેટાતા બોર્ડ નિરર્થક બની રહ્યું છે... બે મહિના જેવો સમય પસાર થયા છતાં તંત્ર દ્વારા કોઈ પગલા ન લેવાતા રાહદારીઓમાં આક્રોશ ફેલાયો છે...

# સરગાસણની પરિણીતાનો એસીડ ગટગટાવી આપઘાત

**પોસ્ટમોર્ટમ રૂમ બહાર પિયર પક્ષે મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરતા બંને પક્ષે બોલાચાલી થઈ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીકના સરગાસણ ગામમાં રહેતી બે સંતાનની માતાએ ગઈ સાંજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર એસીડ ગટગટાવી લીધુ હતુ. પતિને જાણ થતા તેણીની પાસે દોડીને ગયો પરંતુ ત્યાં સુધીમાં પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. મૃતદેહ આજે સવારે પી.એમ. કરાવવા લઈ જવાયો ત્યારે પોસ્ટ મોર્ટમ રૂમ બહાર પિયર પક્ષે મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરી દેતા બંને પક્ષે બોલાચાલી થઈ હતી. અંતે મામલો થાળે પડ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરૂ કરી છે.

સરગાસણ ખાતે રહેતા ૩૭ વર્ષિય યોગીતાબેન હરેશભાઈ પરમારના ૧૭ વર્ષના લગ્નગાળામાં બે સંતાનો છે. ગઈકાલે સાંજે યોગીતાબેને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે જ એસીડ ગટગટાવી લીધુ હતુ. આ ઘટનાની જાણ થતા જ પતિ દોડી ગયા હતા. પરંતુ યોગીતાબેને શ્વાસ છોડી દીધો હતો. ખાનગી વાહનમાં પતિ હરેશભાઈ પત્નિને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. ઈન્ફોસીટી પોલીસ મથકના જમાદાર બળવંતસિંહે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી હતી. દરમ્યાન પોસ્ટમોર્ટમમાં પિયર પક્ષે મૃતદેહ સ્વિકારવાની ના પાડતા બંને પક્ષો સામસામે આવી જતાં બોલાચાલી થઈ હતી. આખરે મામલો શાંત પડતા બપોરે મૃતદેહ અંતિમવિધિ માટે લઈ જવાયો હતો. ઈન્ફોસીટી પોલીસે ગુનાની ઝીણવટભરીતપાસ આરંભી છે.

## ગ-૨ સર્કલ પાસેથી ટ્યુશને ગયેલી વિદ્યાર્થીનું યો-બાઈક ચોરાયુ

ગાંધીનગર, તા. ૭

શહેર નજીક સ્થિત વાવોલ ગામમાં રહેતા ગીરીષભાઈ અંબાલાલ મિસ્રીની દિકરી ગ-૨ સર્કલ પાસે સે. ૬ના શ્રી હરી એપાર્ટમેન્ટમાં ટ્યુશન જાય છે.

૨જી સપ્ટેમ્બરે તેમની દીકરી યો બાઈક ઈલેક્ટ્રીક બાઈક લઈને ટ્યુશન ગઈ અને સાંજે ઘરે જવા પાર્કિંગમાં પરત ફરી ત્યાં સુધીના સમયગાળામાં કોઈ શખ્સ યો બાઈકની ચોરી કરી ફરાર થઈ ગયું હતું. ગિરીષભાઈએ ફરીયાદ આપતા સે. ૭ પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

# ઝુંપડપટ્ટીમાં ચાલતા અક્ષરજ્ઞાન વર્ગોમાં જન્માષ્ટમી નિમિત્તે વેશભૂષા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ભારતભરમાં તા. ૮મી સપ્ટેમ્બર એ સાક્ષરતા દિન તરીકે ઉજવવામાં આવે છે. છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં સરકાર દ્વારા શિક્ષણને છેવાડાના માનવી સુધી પહોંચાડવા ખાસ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. રાજ્યમાં સરકારી સ્કૂલોમાં પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો યોજી શ્રમજીવી અને ગરીબ પરિવારના બાળકો પણ શિક્ષણ મેળવવામાં બાકી ના રહી જાય તે માટે સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. આ સાથે અનેક સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓના પ્રયત્નોનો ફાળો પણ નાનો સૂનો નથી. આ સઘળા પ્રયત્નોના કારણે રાજ્યમાં ''ડ્રોપ આઉટ'' રેશિયો ઘણો બધો ડ્રોપ થયો છે. તેવા દાવા કરાય છે. જોકે રાજ્યવાર શિક્ષણની સ્થિતિના આંકડા તપાસીએ તો હજુ પણ રાજ્યમાં શિક્ષણની પરિસ્થિતિ ગર્વ લેવા જેવી નથી તે નિર્વિવાદ હકીકત છે.

સરકારી ચોપડે દેખાતા આંકડા કરતા નક્કર વાસ્તવિકતાને ધ્યાનમાં લેતા નગરમાં અનેક શ્રમજીવી પરિવારોના બાળકો શાળાએ જતા નથી અથવા જઈ શકતા નથી. ગાંધીનગરના વિખ્યાત શિક્ષણ સંકુલ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસ ડાયરેક્ટર અને જાણીતા શિક્ષણવિદ ડૉ. સોમભાઈ પટેલ દ્વારા નગરની ઝુંપડપટ્ટીમાં રહેતા અને શાળાએ ના જઈ શકતા બાળકોને તેમના સ્થળે જ જઈને શિક્ષણ આપવાનો પ્રયાસ અક્ષરજ્ઞાન વર્ગો દ્વારા છેલ્લા ઘણા સમયથી કરાઈ રહ્યો છે. તેમના આ પ્રયાસમાં સર્વ વિદ્યાલય સંકુલના કેટલાક સેવાભાવી શિક્ષકો પણ જોડાયા છે. જેના કારણે આ અક્ષરજ્ઞાન વર્ગોમાં બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય વધુ સારી રીતે થઈ રહ્યું છે. હાલ શાળાઓમાં શિક્ષણ ઉપરાંત અભ્યાસેતર પ્રવૃત્તિઓને પણ ખૂબ મહત્વ આપવામાં આવે છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ જરૂરી હોઈ દરેક શાળાના સંચાલકો દ્વારા તેનું આયોજન કરાય છે. એટલું જ નહી પરંતુ વાલીઓ દ્વારા પણ શાળામાં બાળકનો પ્રવેશ મેળવતા આ પ્રવૃત્તિઓ અંગે પૃછા અચૂક કરવામાં આવે છે.

અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિજ્ઞાનમેળા, કૌશલ્ય વિકાસ શિબિરો, સેવાકાર્યો, ધાર્મિક ઉત્સવો અને વિવિધ તાલીમ વિષયક અભ્યાસક્રમો હાથ ધરવામાં આવતા હોય છે. ડૉ. સોમાભાઈ પટેલ દ્વારા ચલાવાઈ રહેલા અક્ષરજ્ઞાનના વર્ગોમાં પણ માત્ર બાળકોને એક-બે કલાક ભણાવી શિક્ષણ સેવાનો સંતોષ માની લેવામાં નથી આવતો. આ બાળકોના વર્ગોમાં પણ અભ્યાસેતર પ્રવૃત્તિઓ હાથ ધરી સંપૂર્ણ શિક્ષમનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



(તસવીર : સમીર રામી)

**શાળાએ જઈ ના શકતા બાળકોને નિઃસ્વાર્થરૂપે ''અક્ષરજ્ઞાન'' પુરૂ પાડતા વર્ગો આજના સાક્ષરતા દિને પ્રેરણારૂપ ઉદાહરણ**

ખુલ્લા આકાશ તળે પણ લગભગ દરેક ઋતુમાં અવિરત ચલાવાતા આ વર્ગોમાં જન્માષ્ટમી નિમિત્તે કૃષ્ણ વિષયક વેશભૂષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોએ કાનુડો, ગોવાળિયા, રાધા, ગોપીઓ, નંદ-યશોદા જેવા વિવિધ પાત્રોની વેશભૂષા કરી આબાદ ભજવી પણ બતાવ્યા હતા. આ પાત્રો વચ્ચે વિધિવત સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં પરફોર્મન્સ મુજબ તેમને એ, બી અને સી ગ્રેડ આપી પ્રોત્સાહિત પણ કરાયા હતા. શ્રમજીવી પરિવારની કુ. કોમલ ભરતભાઈ દાંગણીએ આ સ્પર્ધામાં રાધાના પાત્રને જીવંત કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આજના સાક્ષરતા દિનને ગાંધીનગરના શિક્ષક ડૉ. સોમભાઈ પટેલે સાચા અર્થમાં સાર્થક કરી પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.




## સાક્ષી પિલ્લઈનું ભારત નાટ્યમ આરંગેત્રમ

ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે ધોરણ-૬માં અભ્યાસ કરતી સાક્ષી પિલ્લઈ દ્વારા તા. ૫મી સપ્ટેમ્બર રવિવારે સે. ૧૭માં ટાઉનહોલ ખાતે આરંગેત્રમ પ્રસ્તુત કરાયું હતું. માત્ર દસ વર્ષની ઉંમર ધરાવતી સાક્ષી દ્વારા ભારત નાટ્યમ ક્ષેત્રે આરંગેત્રમ રજુ કરાયું હતું. સાક્ષી પિલ્લઈએ માત્ર પાંચ વર્ષની ઉંમરે અમદાવાદના વિસત ખાતે શિવાંજલિ ઈન્સ્ટીટ્યુટમાં ગુરૂ ચક્ષુ શાહના સાનિધ્યમાં ભારત નાટ્યમની તાલીમ મેળવી હતી. પિતા મેનેજમેન્ટ કન્સલટન્ટ આદર્શ પિલ્લઈ અને માતા સુભદ્રા પિલ્લઈ ઈન્ટરનેશનલ માર્કેટીંગ મેનેજરની પુત્રી સાક્ષીએ આ આરંગેત્રમ દ્વારા તેની તાલીમ પૂર્ણ કરી હતી. સાક્ષીને ''નૃત્ય કલાશ્રી'' બિરુદ અને પ્રમાણપત્ર દ્વારા નવાજવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. રેખાબેન દિલીપભાઈ કાલાવડીયા, ઉ.વ. ૫૪
- સ્વ. ઉમેદપ્રસાદ કોલાપ્રસાદ કનોજીયા, ઉ.વ. ૪૩
- સ્વ. પટેલ કુસુમબેન બાબુભાઈ, ઉ.વ. ૮૦